# પાલનપુર ખાતે બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોનું ભવ્ય સન્માન: 'સમરસ વિદ્યાસેતુ અભિયાન' કાર્યક્રમ યોજાયો

## પ્રભારી મંત્રી શ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા અને વાવ-થરાદના પ્રતિભાશાળી ગુરુજનોનું ગૌરવપૂર્ણ બહુમાન કરાયું



કમલમ્ પાલનપુર

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન એટલે કે શિક્ષકદિનનિમિત્તે પાલનપુરસ્થિત વિદ્યા મંદિર કેમ્પસના કાનુભાઈ મહેતા હોલ ખાતે બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લા કક્ષા તેમજ તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ-૨૦૨૬ તથા 'સમરસ વિદ્યાસેતુ અભિયાન' અંતર્ગત ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. બનાસકાંઠા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તથા રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ આ સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ અને પ્રશંસનીય યોગદાન આપનાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષકો તેમજ મુખ્ય શિક્ષકો અને સી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રીઓને પારિતોષિક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, શિક્ષક રાષ્ટ્ર નિર્માતાની ભૂમિકા ભજવે છે અને શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. વિદ્યાર્થીની કક્ષા કેળવવાથી તેની રક્ષા તો થાય જ છે, પરંતુ સારા અને સંસ્કારી નાગરિકોના નિર્માણ થકી રાષ્ટ્રની પણ રક્ષા થાય છે. રામકૃષ્ણ પરમહંસના સાનિધ્યમાં નરેન્દ્ર સ્વામી વિવેકાનંદ બન્યા, સમર્થ ગુરુ રામદાસના માર્ગદર્શનથી છત્રપતિ શિવાજી જેવા મહાન વ્યક્તિત્વનું નિર્માણ થયું અને ચાણક્યના માર્ગદર્શનથી ચંદ્રગુપ્ત દ્વારા અખંડ ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવાઈ. આ ઉદાહરણો દર્શાવે છે કે એક સક્ષમ શિક્ષક અને ગુરુ વિદ્યાર્થીના જીવનની દિશા બદલીને સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનું માધ્યમ નથી, પરંતુ તેમાં સંસ્કાર, રાષ્ટ્રભાવના, સામાજિક સમરસતા, પ્રમાણિકતા અને કર્તવ્યનિષ્ઠાનો સમાવેશ થવો જરૂરી છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર નિર્માણની ભાવના વિકસે, તેઓ જાતિ-ભેદથી દૂર રહી સામાજિક સમરસતાના ભાવ સાથે આગળ વધે અને નશામુક્ત તથા જવાબદાર નાગરિક બને તે માટે સતત પ્રયત્નો કરવા જોઈએ. બનાસકાંઠા જેવા વિસ્તારોમાં અનેક શિક્ષકો શૈક્ષણિક ફરજ ઉપરાંત સમાજના જરૂરિયાતમંદ બાળકો માટે પણ સેવાકીય કામગીરી કરી રહ્યા છે. તેમણે સમરસ વિદ્યાસેતુ અંતર્ગત શાળા બહાર રહેલા બાળકોને શિક્ષણના પ્રવાહમાં પરત લાવવાની કામગીરીમાં પ્રાપ્ત થયેલા ૮૮ ટકાના રેશિયોને અભિનંદનીય ગણાવી, આ બાળકોનું શિક્ષણ પૂર્ણ થાય તે માટે સૌએ સાથે મળીને જવાબદારી નિભાવવાની અપીલ કરી હતી. પ્રભારી મંત્રીશ્રીએ શિક્ષકોની સમાજ પ્રત્યેની જવાબદારી અંગે જણાવ્યું હતું કે, શિક્ષક પ્રત્યે માતા-પિતા અને સમગ્ર સમાજનો જે વિશ્વાસ છે, તેને જીવનભર જાળવી રાખવો જરૂરી છે. તેમણે પોતાના શિક્ષક તરીકેના અનુભવોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, શાળાના વિદ્યાર્થીઓને પોલિયો રસીકરણ સહિતની સામાજિક કામગીરી સાથે જોડવાથી બાળકોમાં સમાજસેવા અને જવાબદારીની ભાવના વિકસાવી શકાય છે. આવા નાના-નાના પ્રયાસોથી વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન થાય છે અને સમાજના સહયોગથી અનેક સેવાકીય પ્રવૃત્તિઓને પણ વેગ મળે છે. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત @2047 ના સંકલ્પને સાકાર કરવામાં શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. બાલમંદિરથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે સંસ્કાર અને સાચી દિશા આપીને શિક્ષકો જ વિકસિત ભારતના સશક્ત નાગરિકોનું નિર્માણ કરી શકે છે. શિક્ષક પોતે જ્ઞાન અને પ્રેરણાની જ્યોત પ્રગટાવનાર હોય છે, ત્યારે શિક્ષકનું સન્માન કરવું એ સમાજ અને રાષ્ટ્ર માટે ગૌરવની બાબત છે. શિક્ષક દિન નિમિત્તે બનાસકાંઠાના શિક્ષકોને અભિનંદન પાઠવતા વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, દરેક નાગરિકના જીવનમાં અનેક વ્યક્તિઓ પ્રેરણાસ્ત્રોત બની શકે છે, પરંતુ દરેક વ્યક્તિના જીવનમાં એક શિક્ષકનું સ્થાન વિશેષ હોય છે. શિક્ષકના માર્ગદર્શન અને આશીર્વાદથી જ વિદ્યાર્થી જીવનમાં આગળ વધીને સારો નાગરિક બને છે. સમાજ પ્રત્યે કોઈ અપેક્ષા રાખ્યા વિના બાળકોના શિક્ષણ અને સમાજના ઉત્થાન માટે કાર્યરત શિક્ષકોની કામગીરી બિરદાવતાં તેમણે સાવિત્રીબાઈ ફૂલેના શિક્ષણ ક્ષેત્રે કરેલા સંઘર્ષનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે જણાવ્યું કે, આજના સમયમાં બનાસકાંઠામાં પણ અનેક શિક્ષકો અને સમાજના લોકો વંચિત બાળકોના શિક્ષણ માટે સેવાભાવથી કાર્ય કરી રહ્યા છે, જે સમાજને વધુ ઉજ્જવળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રે સરકાર દ્વારા જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે અને ડ્રોપઆઉટ ઘટાડવા માટે પણ સતત પ્રયત્નો થઈ રહ્યા છે. બનાસકાંઠામાં શાળા છોડી ગયેલા આશરે ૩૨,૦૦૦ બાળકોને પુનઃપ્રવેશ અપાવવાની કામગીરીને તેમણે મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી હતી અને આ બાળકોનું શિક્ષણ પૂર્ણ થાય તે માટે અધિકારીઓ, શિક્ષકો તથા સમાજના સૌ નાગરિકોને સતત સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે શિક્ષિત અને સક્ષમ નાગરિકોનું નિર્માણ અત્યંત જરૂરી છે. સરકારની સાથે સમાજની પણ જવાબદારી છે કે બાળકોને માત્ર શાળામાં પ્રવેશ અપાવવાથી નહીં, પરંતુ તેમનું શિક્ષણ પૂર્ણ થાય અને તેઓ સારા નાગરિક બને તે દિશામાં સતત પ્રયત્નો કરવામાં આવે. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની પ્રતિમા સમક્ષ દીપ પ્રાગટ્ય કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિત, પાલનપુર ધારાસભ્ય શ્રી અનિકેત ઠાકર, નિવાસી અધિક કલેક્ટર શ્રી સી. પી. પટેલ, પદાધિકારીઓ, અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિ દ્વારા સુરતના ભાગળ ચાર રસ્તા ખાતે એક ભવ્ય અને ઉત્સાહસભર જન્માષ્ટમી - મટકી ફોડ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર અને ધાર્મિક મહોત્સવમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને ઉત્સવની શોભા વધારી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટિલ, સુરત શહેર પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ, શહેર ના પૂર્વ મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ તથા મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા અને ઉત્સાહી ગોવિંદા મંડળોએ ભારે હર્ષોલ્લાસ સાથે ઉત્સવમાં ભાગ લીધો હતો અને પરંપરાગત મટકી ફોડ કાર્યક્રમને વધાવી લીધો હતો. સમિતિ દ્વારા આયોજિત આ ભવ્ય મહોત્સવે સુરત શહેરમાં સામાજિક અને સાંસ્કૃતિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# રાજયના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને પારડીમાં શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારંભ સાથે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી

## છેલ્લા ત્રણ વર્ષથી ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતા વિષય ૩૮ શિક્ષકો અને ૧૮ શ્રેષ્ઠ શિક્ષકો અને આચાર્યોનું પણ સન્માન કરાયું







## સરકાર હંમેશા શિક્ષકોની પડખે રહી છે : મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

કમલમ્ વલસાડ,

રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ શ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૮મી જન્મ જયંતિ નિમિત્તે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોરારજી દેસાઈ ઓડિટોરિયમ ખાતે કરવામાં આવી હતી. શિક્ષક દિવસ ઉજવણી અવસરે નાણામંત્રી શ્રી સહિત મહાનુભાવોના હસ્તે જિલ્લા કક્ષાના ૦૪ અને તાલુકા કક્ષાના ૦૫ શ્રેષ્ઠ શિક્ષકોની સાથે જે તે શાળાના ૦૯ આચાર્યો અને છેલ્લા ત્રણ વર્ષથી ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતા ૩૮ વિષય શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષક દિનની શુભેચ્છા પાઠવી સન્માનિત થયેલા શિક્ષકોને અભિનંદન પાઠવી મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, ભારતમાં રામાયણ અને મહાભારત કાળથી ગુરુનું મહત્વ સર્વોચ્ચ સ્થાને રહ્યું છે. એકલવ્યએ દ્રોણાચાર્યનું પૂતળું બનાવી ધનુરવિદ્યામાં નિપુણ બન્યા હતા. આજે પણ સમાજમાં શિક્ષકનો દરજ્જો સૌથી મોટો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર હંમેશા શિક્ષકોની પડખે રહી છે.

શિક્ષકોના ઘણા પ્રોબ્લેમ સોલ્વ થયા છે અને બાકી રહેલા પ્રશ્નો પણ સોલ્વ થવાની તૈયારીમાં છે. આપણા દેશમાં અંગ્રેજોએ જે શિક્ષણ નીતિ બનાવી હતી તેમાં ગુરુકુલ પ્રથા નાબૂદ કરી દીધી હતી પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સનાતન મૂલ્યોને આવરી લઈ નવી શિક્ષણ નીતિ બનાવી છે જેમાં શ્રીમદ્ ભગવત ગીતાનો પણ સમાવેશ કરાયો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન જે. પટેલે જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિમાં સ્કિલ બેઈઝડ શિક્ષણની પણ વાત કરવામાં આવી છે. આજે કોઈપણ સ્કિલ સામાન્ય નથી. ઉચ્ચ ડિગ્રી ધારણ કરી નોકરી કરનારની તુલનાએ સ્કિલ ધરાવનાર લોકો સારુ કમાઈ રહ્યા છે. વધુમાં તેમણે યુવા પેઢી પર ભાર મૂકી શિક્ષકોને જણાવ્યું કે, વિદ્યાર્થીઓને હાલમાં જે સુવિધાઓ મળી રહી છે તેની કદર કરતા પણ શીખવાડવાનું છે. શિક્ષકો કર્મનિષ્ઠ હોય છે, પોતાનું કાર્ય ચોક્કસતા સાથે કરે છે એટલે જ સરકારને સૌથી વધુ વિશ્વાસ શિક્ષકો ઉપર હોવાથી દેશની મહત્વની કામગીરી તેમને સોંપે છે.

વલસાડ અને કપરાડાના ધારાસભ્ય સર્વશ્રી ભરતભાઈ પટેલ અને જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાને પોતાના અનુભવ શેર કરતા જણાવ્યું કે, પહેલા મને હરિયાણાની લોકલ ભાષા જ આવડતી હતી, ત્યારે મારા શિક્ષકે મને અંગ્રેજીના રોજ નવા પાંચ શબ્દ શીખવા માટે શિખામણ આપી અને તે મુજબ મેં પ્રેક્ટિસ કરી તો એક વર્ષમાં દોઢ હજાર નવા અંગ્રેજી શબ્દ બોલતા હું શીખી ગયો હતો. જે મને મારા અત્યાર સુધીના કેરિયરમાં ખૂબ જ ઉપયોગી બની છે. શિક્ષકોએ નોકરીને એક મિશન તરીકે ઉપાડી લઈ પોતાની શાળામાંથી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે તેવા પ્રયાસો કરવાના છે. શિક્ષકે પાયાનું જ્ઞાન આપવાની સાથે પોતાની સ્કિલ પણ વધારવાની જરૂર છે.

એક શિક્ષક ઈમપ્રુવ થશે તો તેના દ્વારા હજારો વિદ્યાર્થીઓને ફાયદો થશે. આ પ્રસંગે પારડી તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કિશોરીબેન પટેલ, પારડી નગરપાલિકા પ્રમુખશ્રી ચેતન નાયકા, જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેનશ્રી પ્રજ્ઞેશ પટેલ, પ્રાંત અધિકારીશ્રી નીરવ પટેલ અને તાલુકા સંગઠન પ્રમુખશ્રી પુનિત પટેલ સહિતના અધિકારીઓ પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં શિક્ષકગણ ઉપસ્થિત રહ્યો હતો.

# અનાવલ વલ્લભાશ્રમ ખાતે મહુવા અંબિકા તાલુકા સહકારી સંમેલન યોજાયો



કમલમ્, મયુર પટેલ

અંબિકા તાલુકાના અનાવલ વલભાશ્રમ ખાતે સહકારી સંમેલન ખૂબ મોટી સંખ્યામાં દૂધ મંડળીઓના તથા સહકારી મંડળીઓના સહકારી આગેવાનો કમિટી સભ્યોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો કાર્યક્રમ ની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી ત્યારબાદ આવેલ દરેક સહકારી આગેવાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં સહકારી આગેવાન માનસિંહભાઈ પટેલ નું સાલ ઓઢાળી પુષ્પગુચ્છ આપી સહકારી આગેવાનો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું સુમુલ ડેરીમાં મહુવા થી ચૂંટાયેલા નવ યુવાન એવા ધનંજયભાઈ પટેલે સૌને સહકારથી સમૃદ્ધિ તરફ જવા માટે સૌને ભેગા મળી કામ કરવાની હાકલ કરી હતી મહુવા સુગરના ડિરેક્ટર વિપુલભાઈ એ તેમના વાક્યમાં સુગર મિલના અસ્તિત્વને ટકાવી રાખવા શેરડીનો જથ્થો વધારવાના ઉત્પાદન વધારવું જરૂરી છે અને માનસિંહ ભાઈ પટેલની કામગીરીને બિરદાવી હતી બારડોલીની અનાથ બાળકોના કલ્યાણ માટે કામ કરતી વાતલ્ય ટ્રસ્ટના શૈલેષભાઈ બારોટે સહકારી પ્રવૃત્તિઓને આગળ ધપાવવા સહકારી આગેવાનોના પ્રયાસોને બિરદાવતા હતા રાજ્યમા સૌથી વધુ શિક્ષકો અને સહકારી આગેવાનો આ વિસ્તારે આપ્યા છે ગુજરાતના સહકારી ક્ષેત્રના ભીષ્મ ગણાતા માનસિહભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવી કે સહકારી ક્ષેત્રને આગળ ધપાવવા સેવાની ભાવના ને મહત્વ આપી હાર જીતની આશા છોડી ભેગા મળી કામ કરી સહકારી ક્ષેત્રને આગળ લઈ જવાની હાકલ કરી હતી નવી પેઢીને સહકારી ક્ષેત્રના દાખલા બતાવી જૂની પેઢીની કામગીરીને જીવનમાં ઉતારી કામ કરવાની સમજણ આપી હતી પૈસાથી તોલાતો માણસ સમાજ માટે કંઈ જ ન કરી શકે સહકારી ક્ષેત્રની ચિંતા કરી તેના વિકાસ માટે હાકલ કરી હતી મુક્તમને ચૂંટણી બદલાવની વાત કરી સહકારી પ્રવૃત્તિને તોડનાર ને ખુલ્લા પાડી સહકારી સ્તંભને મજબૂત બનાવવાની વાત કરી હતી. આ કાર્યક્રમમાં સુમુલ ડેરી ના પૂર્વ ચેરમેન માનસિંહભાઈ પટેલ, ધનંજયભાઈ પટેલ, તુષારભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, મહુવા સુગરના ડિરેક્ટરો, દૂધ મંડળીના પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા આગેવાનો કમિટી સભ્યો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

# વડનગર ખાતે શ્રાવણ ઉત્સવ અંતર્ગત ભવ્ય 'ડમરુ યાત્રા' યોજાઈ: રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ

## ૧૦૮ કલાકારોના નાદ સાથે વડનગરના માર્ગો ગુંજી ઉઠ્યા: શ્રાવણ માસની પવિત્રતા વચ્ચે ભવ્ય પદયાત્રાનું આયોજન







## વડનગરના ઐતિહાસિક માર્ગો પર શ્રાવણ ભક્તિનો અનોખો સંગમ

કમલમ્, વડનગર

ગુજરાતના ઐતિહાસિક નગર વડનગર ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત 'શ્રાવણ ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત દરરોજ ભવ્ય ડમરુ યાત્રાનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજની ડમરું યાત્રામાં ગુજરાત રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ ખાસ ઉપસ્થિત રહીને સહભાગીદારી નોંધાવી હતી. આ યાત્રામાં ૧૦૮ કલાકારો દ્વારા કરવામાં આવેલા ડમરુના ગુંજારવ અને ભવ્ય સમૂહ ગાનથી સમગ્ર વડનગર નગરી શિવમય બની ગઈ હતી. આ ભવ્ય ડમરુ યાત્રામાં ગાંધીનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી શિવભક્તો અને શ્રદ્ધાળુઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. રવિવારની વહેલી સવારે આયોજિત આ કાર્યક્રમમાં ૧૦૮ કલાકારોની ટુકડીએ પરંપરાગત વાદ્યો સાથે વાતાવરણમાં આધ્યાત્મિકતાનો સંચાર કર્યો હતો. મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને શ્રદ્ધાળુઓનો ઉત્સાહ વધાર્યો હતો અને વડનગરના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા આ આયોજનને બિરદાવ્યું હતું. નિર્ધારિત રૂટ મુજબ, આ યાત્રાએ આજે સવારે અમરથોળ સ્થિત હરસિદ્ધ માતાના મંદિરથી પ્રસ્થાન કર્યું હતું. આ પદયાત્રા વડનગરના ઐતિહાસિક અને મુખ્ય માર્ગો જેવા કે અમથેર માતા મંદિર, ભોજક શેરી, અંબાજી માતા ચાચર, મોચીઓળ, કાપડ બજાર, માતોર અને ચકલા થઈને આગળ વધી હતી. માર્ગમાં આવતા અમતોલ દરવાજા પસાર કરી આ ભવ્ય યાત્રા અંતે વડનગરના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે સંપન્ન થઈ હતી, જ્યાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો. યાત્રાના અંતમાં મંત્રીશ્રીએ હાટકેશ્વર મહાદેવના દર્શન કરી પૂજા અર્ચના કરી હતી અને શ્રદ્ધાળુઓને પ્રસાદ તથા શિવ કીટનું વિતરણ કર્યું હતું. ડમરુ યાત્રા બાદ મંત્રીશ્રીએ બી. એન હાઈસ્કૂલની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે ઊંઝા ધારાસભ્યશ્રી કિરીટભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી મિતિકાબેન શાહ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી, પદાધિકારીશ્રીઓ, સ્થાનિક અગ્રણીશ્રીઓ અને શિવભક્તો સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમંત્રી શ્રી પ્રવિણભાઈ માળીના હસ્તે ડીસા તાલુકાના પરબડી (માલગઢ) અને શમશેરપુરા ખાતે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રોનું લોકાર્પણ સંપન્ન

## વિકાસની સાથે આરોગ્ય પણ સર્વોચ્ચ પ્રાથમિકતા: મંત્રી પ્રવિણભાઈ માળીએ નિયમિત સ્વાસ્થ્ય તપાસ પર મૂક્યો વિશેષ ભાર

### ગ્રામીણ નાગરિકોને ઘરઆંગણે જ ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ મળશે: ડીસા તાલુકામાં બે નવા પેટા આરોગ્ય કેન્દ્રો લોકાર્પિત



કમલમ્ પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં છેવાડાના નાગરિકો સુધી ગુણવત્તાયુક્ત અને સુલભ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવાના સંકલ્પ સાથે, ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તેમજ વાહનવ્યવહાર વિભાગના રાજ્યમંત્રી શ્રી પ્રવિણભાઈ માળી દ્વારા ડીસા તાલુકાના પરબડી (માલગઢ) અને શમશેરપુરા ગામ ખાતે નવનિર્મિત 'પેટા આરોગ્ય કેન્દ્રો' (આયુષ્યમાન આરોગ્ય મંદિર) નું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામીણ નાગરિકોને ઘરઆંગણે જ પ્રાથમિક અને તાત્કાલિક આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુસર આ બંને આરોગ્ય કેન્દ્રો લોકસેવા અર્થે ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ગ્રામજનોને સંબોધતા વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં એક તરફ તળાવ, વન વિસ્તાર અને બીજી તરફ ગૌચર માટે વાવવામાં આવેલા ઘાસ સહિતની કુદરતી સંપત્તિઓનું સંવર્ધન કરી એક મોડેલરૂપ પરિસર વિકસાવવામાં આવી રહ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકાસની સાથે લોકોના આરોગ્યને પણ પ્રાથમિકતા આપી કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ, ઓબેસિટી તેમજ હૃદયરોગના જોખમોને ધ્યાનમાં રાખી નિયમિત આરોગ્ય તપાસ અને જનજાગૃતિના અભિયાનો યોજવા જોઈએ. મંત્રીશ્રીએ ખાસ કરીને મહિલાઓ સહિત દરેક પરિવારના સભ્યોને આરોગ્ય તપાસ કરાવવા પ્રોત્સાહિત કરી જિલ્લા કક્ષાની આરોગ્ય સેવાઓ સાથે સૌના સહયોગથી આગળ વધવા તેમજ પરિસરમાં થયેલા વૃક્ષારોપણને વધુ હરિયાળું બનાવી પર્યાવરણ સંરક્ષણને જનઅભિયાન બનાવવાની અપીલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન તાલુકા આરોગ્ય અધિકારી શ્રી પ્રકાશભાઈ ચૌધરી, સ્થાનિક સરપંચશ્રીઓ, પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, આરોગ્ય વિભાગના કર્મીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ આરોગ્ય સ્ટાફને સેવાની ભાવના સાથે કામ કરવા પ્રોત્સાહિત કર્યા હતા, જ્યારે ગ્રામજનોએ ગામમાં સુવિધાયુક્ત આરોગ્ય કેન્દ્ર ઉપલબ્ધ કરાવવા બદલ મંત્રીશ્રી તેમજ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028